# CONDENSATION, DAMP AND MOULD

## What you need to know



# “કન્ડેન્સેશન, ભેજ અને ફૂગ”

## (આ વિશેની જાણકારી)

Ross Walk Housing Co-operative Ltd

# What is condensation?

Condensation happens when moist air comes into contact with a cool surface such as a window, wall or mirror, causing water droplets to form on it and making your home feel damp.

## How to reduce condensation

### Produce less moisture

- Cover pans when cooking
- Open windows when cooking or washing, so steam can escape
- Avoid drying clothes indoors and don't put up washing lines inside your home. If you have to dry clothes indoors, keep a window open.
- Vent your tumble drier to the outside
- Close kitchen and bathroom doors to prevent steam going into other rooms
- Don't use paraffin or portable gas bottle heaters without a flue



### Encourage air to circulate

- Use extractor fans where fitted, when you are cooking or washing
- Keep air vents clear
- Open a window or door slightly when you are using a room
- Don't over-pack your wardrobe
- Leave wardrobe doors open now and again
- Ensure there is space between the wall and wardrobe backs, beds and sofas

# કન્ડેન્સેશન શું છે?

**કન્ડેન્સેશન ત્યારે સર્જાય છે જ્યારે ભેજવાળી હવા બારી, દિવાલ અથવા કાચ/ અરિસા જેવી ઠંડી સપાટીના સંપર્કમાં આવે છે, જેના કારણે તેની ઉપર પાણીના ટીપાઓ જામે છે અને તેના કારણે તમારૂં ઘર ભીનું લાગે છે.**

## કન્ડેન્સેશન કેવી રીતે અટકાવવું?

### ભેજ ઓછો પેદા કરીને

- રાંધતી વખતે વાસણોને ઢાંકો
- રાંધતી વખતે અને વાસણો ધોતી વખતે બારીઓ ખુલ્લી રાખો જેથી વરાળ/ Steam બહાર નીકળી શકે.
- ઘરની અંદર કપડાં સૂકવવાનું ટાળો અને તમારા ઘરની અંદર કપડાં સૂકવવાની દોરીઓ ન બાંધો. જો તમારે કપડાં ઘરની અંદર સૂકવવા પડે તો બારી ખુલ્લી રાખો.
- તમારા ટમ્બલ ડ્રાયરના વેન્ટને બહારની તરફ રાખો.
- રસોડા અને બાથરૂમના દરવાજા બંધ રાખો. જેથી વરાળ બીજા રૂમોમાં ન જઇ શકે.
- બળતણ/Fuel વગરના પેરેફિન અથવા પોર્ટેબલ ગેસ બોટલ હીટરનો ઉપયોગ ન કરો.

### હવાનું પરિભ્રમણ વધારવાના પ્રયાસ કરો

- રાંધતી વખતે અને વાસણો ધોતી વખતે એક્સટ્રેક્ટર ફેન (હવા બહાર કાઢવા માટેનો પંખો) ચાલુ કરો.
- હવાની અવરજવરનો રસ્તો (air vents) સાફ રાખો.
- જ્યારે તમે રૂમમાં હો ત્યારે બારી કે બારણું જરાક ખુલ્લું રાખો.
- તમારા (કપડાં મૂકવાનાં) કબાટમાં, વધારે પડતાં કપડાં/ ચીજ-વસ્તુઓ ન મૂકો.
- (કપડાં મૂકવાનાં) કબાટનાં દરવાજા અવાર-નવાર ખુલ્લા રાખો.
- દિવાલ અને (કપડાં મૂકવાનાં) કબાટ, ખાટલા તથા સોફાઓ વચ્ચે જગ્યા રાખો.



## Keep your home warm

- Try to keep your home at a constant temperature, by having the heating on low throughout the day and night in cold weather
- Close curtains at dusk to keep heat in
- Don't put large pieces of furniture in front of radiators, as they block heat
- Keep the doors of unheated rooms open to allow in warmth from other rooms




## તમારૂં ઘર હૂંફાળું રાખો

- ઠંડા હવામાન/વેધરમાં આખો દિવસ અને રાત દરમિયાન, ધીમા તાપમાને હીટીંગ રાખીને, તમારા ઘરને એકસરખા તાપમાન ઉપર રાખવાનો પ્રયત્ન કરો.
- ઘરની અંદર ગરમી જાળવી રાખવા માટે, સાંજના સમયે પડદા બંધ કરો.
- રેડિએટરની આગળ મોટા ફર્નિચર ન મૂકો. કારણ કે તે ગરમી અવરોધે છે.
- જે રૂમોમાં હીટર નહીં હોય તેના દરવાજા ખુલ્લા રાખો કે જેથી બીજા રૂમોમાંથી ગરમી ત્યાં આવી શકે.

# What is mould?

Mould is a fungus which can appear on surfaces and fabrics where condensation regularly forms. It produces spores in the air which can be breathed in and cause health problems.

### How to tackle mould

- Wipe down surfaces where moisture settles to prevent mould
- Where mould appears, wipe it off immediately with clean water
- Then clean the area with a fungicidal wash solution, available at hardware stores and supermarkets
- Once treated, walls can be painted with a good quality fungicidal paint





# મૉલ્ડ (Mould) શું છે ?

મૉલ્ડ એ એક પ્રકારની ફૂગ છે કે જે, જ્યાં નિયમિત રૂપે કન્ડેન્સેશન થતું હોય તેવી સપાટીઓ ઉપર અને કપડાંઓ ઉપર જોવા મળે છે. તે હવામાં બીજકણ પેદા કરે છે જે શ્વાસમાં જઇ શકે છે અને આરોગ્યની સમસ્યાઓ થઇ શકે છે.

### મૉલ્ડ (Mould) નું નિયંત્રણ કેવી રીતે કરવું?

- મૉલ્ડને અટકાવવા માટે, જ્યાં ભેજ થતો હોય તેવી સપાટીઓને લૂંછી નાખો.
- જ્યારે મૉલ્ડ દેખાય ત્યારે તે જગ્યાને તરત જ ચોખ્ખા પાણીથી સાફ કરો.
- ત્યારબાદ હાર્ડવેર સ્ટોર અને સુપર માર્કેટમાં મળતાં ફૂગ વિરોધી દ્રવણ (Fungicidal Wash Solution) વડે તે વિસ્તારને સાફ કરો.
- એક વખત આ ઉપાય કર્યા બાદ દિવાલોને સારી ક્વૉલિટીના ફૂગ અવરોધક પેઇન્ટ (Fungicidal Paint) વડે પેઇન્ટ કરી શકાય.

# Damp

There are other, less common, forms of dampness which are not caused by condensation and do not cause mould.

## Penetrating damp

This can be caused by a leaking roof, downpipe, guttering or plumbing. If this happens, you may see a damp patch or peeling paint on walls.



## Rising damp

This problem, which is very rare, is when moisture from the ground is absorbed into – and rises up – a wall.

If you see a white substance which looks like salt on your walls up to a metre above the floor, your home may have rising damp.

- If you think you have either of these types of damp, contact us so we can investigate and carry out any necessary repairs.

# ભેજ

ભેજનું બીજું ઓછું સામાન્ય સ્વરૂપ છે કે જે કન્ડેન્સેશનને કારણે નથી થતું અને તેનાથી ફૂગ થતી નથી.

## અંદર દાખલ થતો ભેજ

**તે છાપરૂં (છત), પાઇપ, ગટર અથવા પ્લમિંગમાંના છિદ્રોમાંથી પાણી નીકળવાને કારણે થઇ શકે છે. જો આમ થાય તો તમને દિવાલો ઉપર ભેજના ડાઘા અથવા રંગ નીકળતો દેખાશે.**

## વધતો જતો ભેજ

આ સમસ્યા ભાગ્યે જ જોવા મળે છે કે જેમાં ભેજ જમીનમાંથી દિવાલમાં શોષાતો જાય અને ઉપર તરફ વધતો જાય.


જો તમને તમારી દિવાલ ઉપર, જમીનની સપાટીથી એક મીટર સુધી મીઠા (Salt) જેવો સફેદ પદાર્થ જોવા મળે તો તમારા ઘરમાં વધતા જતા ભેજની સમસ્યા હોઇ શકે છે.

- જો તમને લાગે કે તમારા ઘરમાં આમાંથી કોઇપણ પ્રકારનો ભેજ છે તો અમારો સંપર્ક (Contact) કરો કે જેથી અમે તેની તપાસ કરી શકીએ અને જરૂરી મરામત (repair) કરી શકીએ.



If you want to talk about problems with condensation, mould or damp in your home, please contact us on 0116 257 6800.

જો તમે તમારા ઘરમાં કન્ડેન્સેશન, ફૂગ અથવા ભેજ અંગે સમસ્યાઓ અંગે વાતચીત કરવા ઇચ્છતાં હોવ તો, કૃપા કરીને 0116 257 6800 ઉપર અમારો સંપર્ક કરો.



3 Bede Island Road, Leicester, LE2 7EA

Tel / ટેલિ: 0116 257 6800